eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 312**
**April 13, 2012**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૭/૪/૨૦૧૨નાં રોજ ઓનલાઈન પેમેન્ટ સુવિધાના શુભારંભ



સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૭/૪/૨૦૧૨નાં રોજ ઓનલાઈન પેમેન્ટ સુવિધાના શુભારંભનો કાર્યક્રમ મા.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈ(રાજુ દેસાઈ)ના અધ્યક્ષસ્થાને જુના સ્થાયી સમિતિ ખંડ, મુગલીસરા, સુરત ખાતે યોજવામાં આવેલઆ પ્રસંગે મા.કમિશ્નરશ્રી એમ.કે.દાસે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આ સુવિધા શરૂ કરવી એ એક ગૌરવની બાબત છે. જેનાથી શહેરજનો ઘરબેઠા ઈન્ટરનેટના માધ્યમ વડે વેરો ભરી શકશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે માર્ચ ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૩૮૮૪ ઈન્ડોર તથા ૩૮૭૨૪ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૭૫૩ તથા ૬૮૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૮૪૬૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૭૮૦ અને જુના ૧૪૧૯ દર્દીઓ સહીત કુલ ૨૧૯૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે શનિ ગ્રહ બતાવવાની વ્યવસ્થા

તા.૨૧ અને ૨૨/૦૪/૨૦૧૨ દરમ્યાન સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટી લાઈટ રોડ, સુરત ખાતે રીફ્રેકટર ટેલિસ્કોપ ધ્વારા શહેરીજનોને રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી શનિ ગ્રહ બતાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ૭ મી એપ્રિલ, ૨૦૧૨ના રોજ વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી



દરેક વર્ષની જેમ આ વર્ષે ૭ મી એપ્રિલ ૨૦૧૨ના રોજ વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી નિમિત્તે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આ અંગે " વધતી ઉંમર અને આરોગ્ય – સારૂ આરોગ્ય ઉંમરને જીવન બક્ષે છે " સ્લોગન નકકી કરવામાં આવ્યુ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૭/૪/૨૦૧૨નાં રોજ ઓનલાઈન પેમેન્ટ સુવિધાના શુભારંભ



સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૭/૪/૨૦૧૨નાં રોજ ઓનલાઈન પેમેન્ટ સુવિધાના શુભારંભનો કાર્યક્રમ મા.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈ(રાજુ દેસાઈ)ના અધ્યક્ષસ્થાને જુના સ્થાયી સમિતિ ખંડ, મુગલીસરા, સુરત ખાતે યોજવામાં આવેલ.

આ પ્રસંગે મા.કમિશ્નરશ્રી એમ.કે.દાસે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આ સુવિધા શરૂ કરવી એ એક ગૌરવની બાબત છે. જેનાથી શહેરજનો ઘરબેઠા ઈન્ટરનેટના માધ્યમ વડે વેરો ભરી શકશે. જેથી સુરત શહેરના નાગરિકોનો સમય બચશે. ઉપરાંત શહેર બહાર વસતા નાગરીકોને આ પધ્ધતિ શરૂ થતાં દેશ વિદેશમાંથી વેરા ભરવાની સુવિધા પ્રાપ્ત થશે.

આ સુવિધાથી શહેરીજનો પોતાની મિલ્કતોનો વેરો ઘરે બેઠા ઈન્ટરનેટ માધ્યમ વડે ક્રેડીટ કાર્ડ, ડેબિટ કાર્ડ અથવા નેટ બેન્કીંગથી સુરત મહાનગરપાલિકાની વેબ–સાઈટ WWW.SURATMUNICIPAL.GOV.IN મારફત ભરી શકશે. સુરત માહનગરપાલિકા ધ્વારા આ સુવિધા HDFC Bank Limited ના સહયોગથી વિનામુલ્યે પુરી પાડવામાં આવી રહી છે. આ સુવિધામાં વીઝા/માસ્ટર ક્રેડીટ કાર્ડ, ડેબિટ કાર્ડ અને ૪૫ થી વધુ બેંકની નેટ બેન્કીંગ ફેસીલીટીને આવરી લઈ ઉપલબ્ધ કરવામાં આવી છે.

ઓનલાઈન મિલ્કત વેરો ભરવા માટે જે મિલ્કત માટે વેરો ભરવાનો હોય તે મિલ્કતનો ટેનામેન્ટ નંબર આપી બાકી વેરો અને/અથવા એડવાન્સ ટેક્ષની વિગત ચકાસી વેરો ભરી શકાશે. વેરો ભર્યાની રસીદ વેરો ભર્યા બાદ તુરંત પ્રીન્ટ કરી શકાશે અને રસીદની નકલ ઈ–મેઈલ મારફત પણ ઉપલબ્ધ થશે.

આ સુવિધા ઉપલબ્ધ થવાથી સુરતના નાગરિકો કોઈ પણ સ્થળેથી પોતાના અનુકુળ સમયે મહાનગરપાલિકાનો વેરો ખુબ જ સરળતાથી ભરી શકશે.

આ પ્રસંગે મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ જણાવ્યું કે સુરત મહાનગરપાલિકાનું બહુજન હિતાય,બહુજન સુખાયનું સુત્ર આ સેવા ધ્વારા સાર્થક થાય છે. બેંક પણ સેવાકીય સંસ્થા છે. આમ, મનપા તથા બેંક એમ બંનેના સેવાકીય સંસ્થાના સહયોગથી આ ઓનલાઈન પેમેન્ટ સુવિધાનો લાભ મળશે. મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ધ્વારા પણ ઈ–બેન્કીંગ સુવિધાનો ઉપયોગ કરવા માટે સુચનો કરવામાં આવ્યા હતા. વધુમાં મનપાના તમામ સદસ્યોને હાલમાં લેપટોપની સુવિધા પણ આપવામાં આવી છે. આમ, આ સુવિધાનો પૂર્ણ ઉપયોગ કરી શકાશે. વધુમાં શહેરીજનોને આ સેવાનો વધુમાં વધુમાં લાભ લેવા જણાવ્યું હતું.

આ પ્રસંગે મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, મા.શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ,મા.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, તમામ વિભાગીય વડાશ્રીઓ તથા HDFC બેંકના શ્રી નીરજ રાઠોડ, HDFC બેંક આસી.વાઈસ પ્રેસીડન્ટ હેડ ઈલેકટ્રોનીકસ એન્ડ બેન્કીંગ કોર્પોરેશન, શ્રી જીજ્ઞેશ રૂપારેલીયા HDFC બેંક સુરતના વાઈસ પ્રેસીડન્ટ, શ્રી જલ્પા શાહ HDFC બેંક સુરત બ્રાંચ મેનેજર, શ્રી દીપેશ ગાંધી ઈન્ડિયા INDIA IDEA.COM (બીલ ડેસ્ક) વેસ્ટર્ન, કુ.પૂજા INDIA IDEA.COM (બીલ ડેસ્ક) ઈન્ડિયા હેડ, ગુજરાત રાજય તથા પ્રેસ–મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.

**Continue …**

- SMC has started 16 city civic centers to provide citizen centric services.
- SMC has also placed information kiosks for self-help of the citizens.
- Services through SMS are also provided for getting quick information via SMS for outstanding Property Tax, Professional Tax, etc.
- SMC is starting an online payment facility for payment of Property taxes
- It will enable citizens to pay their dues at from their convenience place and at their convenient time.
- The facility is offered at free of cost.
- Anyone having Credit Card (Master/Visa), Debit Card or Internet Banking Facility from any of the listed banks can be able to make payment.
- More than 45 banks are covered for Net Banking Facility.
- Citizen will receive the receipt on the screen once payment is successful, they will also receive an email of the receipt.
- Citizen will also be able to take advantage of advance tax rebate and senior citizen rebate for registered properties.
- Following banks are covered for Net Banking Facility

| | | |
|---|---|---|
| Andhra Bank | Allahabad Bank | Bank of Bahrain and Kuwait |
| Bank of Baroda [Corporate] | Bank of Baroda [Retail] | Bank of India |
| Bank of Maharashtra | Canara Bank | Catholic Syrian Bank |
| Central Bank of India | City Union Bank | Corporation Bank |
| DCB Bank | Deutsche Bank | Dhanlaxmi Bank |
| Federal Bank | HDFC Bank | ICICI Bank |
| IDBI Bank | Indian Bank | Indian Overseas Bank |
| IndusInd Bank | ING Vysya Bank | Jammu and Kashmir Bank |
| Karnataka Bank | Karur Vysya Bank | Lakshmi Vilas Bank [Corporate] |
| Lakshmi Vilas Bank [Retail] | Oriental Bank of Commerce | Punjab and Sind Bank |
| Punjab National Bank [Corporate] | Punjab National Bank [Retail] | Shamrao Vithal Co-op. Bank Ltd. |
| South Indian Bank Ltd. | State Bank of Bikaner & Jaipur | State Bank of Hyderabad |
| State Bank of India | State Bank of Mysore | State Bank of Patiala |
| State Bank of Travancore | Syndicate Bank | UCO Bank |
| Union Bank of India | United Bank of India | Vijaya Bank |
| YES Bank | | |

**TOP**

## માહે માર્ચ ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૩૮૮૪ ઈન્ડોર તથા ૩૮૭૨૪ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૭૫૩ તથા ૬૮૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૮૪૬૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૭૮૦ અને જુના ૧૪૧૯ દર્દીઓ સહીત કુલ ૨૧૯૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૦૧ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૭૫૮ તથા આંખ વિભાગમાં ૨૭૬૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૩૨૯૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે શનિ ગ્રહ બતાવવાની વ્યવસ્થા

તા.૨૧ અને ૨૨/૦૪/૨૦૧૨ દરમ્યાન સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટી લાઈટ રોડ, સુરત ખાતે રીફ્રેકટર ટેલિસ્કોપ ધ્વારા શહેરીજનોને રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી શનિ ગ્રહ બતાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે, જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા ૭ મી એપ્રિલ, ૨૦૧૨ના રોજ વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી



દરેક વર્ષની જેમ આ વર્ષે ૭ મી એપ્રિલ ૨૦૧૨ના રોજ વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી નિમિત્તે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આ અંગે '' વધતી ઉમર અને આરોગ્ય – સારૂ આરોગ્ય ઉમરને જીવન બક્ષે છે '' સ્લોગન નકકી કરવામાં આવ્યુ છે.

શહેરના નાગરિકોને જન જાગૃતિ અને લોકોમાં આરોગ્ય લક્ષી શિક્ષણ મળી રહે તે માટે દરેક ઝોનમાં નીચે જણાવેલ શહેરી આરોગ્ય કેન્દ્ર પરથી રેલી કાઢવામાં આવી હતી.

| ઝોનનું નામ | રેલી કાઢવાનું હેલ્થ સેન્ટર | કેમ્પનું સ્થળ |
|---|---|---|
| અઠવા ઝોન | પનાસ હેલ્થ સેન્ટરનો વિસ્તાર | અલથાણ હે.સે અને મે.હોમ. |
| રાંદેર ઝોન | અડાજણ હેલ્થ સેન્ટરનો વિસ્તાર | રાંદેર હે.સે. |
| કતારગામ ઝોન | વેડ હેલ્થ સેન્ટરનો વિસ્તાર | કતારગામ હે.સે. |
| વરાછા ઝોન | વરાછા હેલ્થ સેન્ટરનો વિસ્તાર | વરાછા હે.સે. |
| સેન્ટ્રલ ઝોન | ડી.કે.એમ. હેલ્થ સેન્ટરનો વિસ્તાર | ડી.કે.એમ. હે.સે. |
| ઉધના ઝોન | પાંડેસરા હેલ્થ સેન્ટરનો વિસ્તાર | પાંડેસરા હે.સે. |
| લિંબાયત ઝોન | ગોડાદરા હેલ્થ સેન્ટરનો વિસ્તાર | ગોડાદરા હે.સે. |

આ રેલીમાં શહેરના નગરસેવકો,સેવાભાવી સંસ્થાઓ તથા ઝોનના નાયબ આરોગ્ય અધિકારી, શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફિસરો,પેરા મેડીકલ વર્કરો,આંગણવાડી વર્કરો, હેલ્પરો,લીંક વર્કરો તેમજ નાગરીકોએ હર્ષભેર ભાગ લઈ રેલીને સફળ બનાવી હતી.

જયારે દરેક ઝોનનાં ઉપર જણાવેલ શહેરી આરોગ્ય કેન્દ્ર પરથી વૃધ્ધો માટે ૭ (સાત) મેડીકલ કેમ્પો યોજવામાં આવ્યા હતા.આ મેડીકલ કેમ્પોમાં ફીઝીશીયન, ઓર્થોપેડીક તથા ઓપ્થેલ્મોલોજીસ્ટ તબીબોની ઓનરરી સેવા લેવામાં આવી હતી.

શહેરના ચાર વૃધ્ધાશ્રમોમાં (૧) શાંતિનીકેતન,અડાજણ (૨)શ્રીનીવાસ,બાલાજી રોડ(૩)અશકતાશ્રમ ,રામપુરા (૪)શ્રી અંબિકાનીકેતન ટ્રસ્ટ,વેસુ ખાતે મોબાઈલ મેડીકલ ટીમો મારફતે ત્યાં રહેતા તમામ વૃધ્ધોની આરોગ્ય તપાસણી કરી જરૂરિયાતમંદ વૃધ્ધોને સારવાર આપવામાં આવી હતી.

કેમ્પ તથા મેડીકલ ટીમો મારફતે ૧૯૮ પુરૂષ અને ૨૩૯ સ્ત્રી જે પૈકી ડાયાબીટીસનાં ૩૮, હાયપરટેન્શનનાં ૬૧, કાર્ડીયાક ૧૪, શ્વસંનતંત્રની બિમારીવાળા ૩૩, ઓર્થોપેડીક ૪૫, ઓપ્થેલમિક ૨૨, ગાયનેક ૩૩, ઈ.એન.ટી. ૪, ડેન્ટલ ૨, ડર્મેટોલોજી ૨૦, અન્ય ૧૧૧ મળી કુલ ૪૩૭ લાભાર્થીએ આ મેડીકલ કેમ્પોનો લાભ મેળવ્યો હતો.જાહેર જનતા તરફથી સારો પ્રતિસાદ સાંપડયો હતો.

TOP